પાલનપુરના વગદા ગામે મકાનની દિવાલ પડતા ત્રણ દટાયા : માતા-પુત્રીનું મોત પુત્ર ગંભીર

પાલનપુર, તા. ૧૩

પાલનપુરથી પાંચ કિ.મી.ના અંતરે આવેલ વડાદા ગામે આજે એક શ્રમીક પરિવાર મકાનમાં સુતો હતો ત્યારે ધડાકાભેર મકાનની દિવાલ ધરાશાઈ થતા માતા-પુત્રી અને પુત્ર દટાઈ જતા માતા અને પુત્રીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘાયલ પુત્ર પાલનપુરના ખાનગી દવાખાને સારવાર હેઠળ છે.

પ્રાપ્ત વિગત મુજબ પાલનપુર પાસેની વગદા ગામે રહેતા શ્રમીક દિલીપભાઈ ભરથરી તેમની પત્નિ જ્યોત્સના બહેન અને પુત્ર અને પુત્રી સાથે સુખી સંસાર વિતાવી રહ્યા હતા. દરમિયાન આજે સવારે આ પરિવાર ભરનીંદ્રા માણી રહ્યું હતું ત્યારે અચાનક મકાનની મોટી મસ દિવાલ ધડાકાભેર ધરાશયી થતા ઘરમાં સુઈ રહેલા માતા-પુત્રી અને પુત્ર દિવાલ નીચે દટાઈ જતા ભારે બુમાબુમ મચી હતી. સદ્દનસીબે ઘરના મોભી દિલીપભાઈ ભરથરી વહેલી સવારે દાતણ કરવા ઘરની બહાર નીકળતા સદ્દનસીબે બચી ગયા હતા.

આ બનાવની જાણ ગામમાં વાયુવેગે ફેલાતા લોકોના ટોળેટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને બચાવ કામગીરી હાથ ધરી હતી જો કે જ્યોત્સનાબેન અને તેમની ૭ વર્ષીય પુત્રી પ્રિયાનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર ઘાયલ પુત્ર કુલદિપ (ઉ.વ.૧૧)ને ગંભીર હાલતમાં પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાંથી ખાનગી દવાખાને રીફર કરાયો હતો.

નાનકડા વગદા ગામે બનેલા આ કરૂણ બનાવની ગામમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. જ્યારે ઘરના મોભી દિલીપભાઈ પર જાણે આભ તુટી પડ્યું હોય તેમ જણાયુ હતું.

પાંથાવાડા થી દાંતીવાડા હાઈ-વે પર આજે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં બેઠેલા વ્યકિતઓને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ૧૦૮ મારફતે પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતાં. પાંથાવાડાથી દાંતીવાડા હાઈ-વે પર ગણેશપુરા સોડા પુર વચ્ચેથી મારૂતિ સ્વીફટ કાર પસાર થઈ રહી હતી. દરમિયાન માર્ગમાં થોડે દૂર વળાંક પાસે કાર ચાલકે કારની ગતિ વધારી કાર હંકારી હતી બસ આજ સમયે સામેની તરફથી ટ્રક નં. જીજે૮-ડબલ્યુ ૨૬૩૩ આવતી હતી જેને જોઈ કાર ચાલકે કારના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને કાર ટ્રકના સામેના ભાગે ધડાકેભર અથડાઈ હતી જેથી ગંભીર અકસ્માત સર્જાયો હતો અને કારમાં બેઠેલા ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘાયલોને તુરંત ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

હિંમતનગરના ધારાસભ્ય કાર અકસ્માત કરી નાસી ગયા

હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના કોંગ્રેસી ધારાસભ્ય ગુરુવારે રાત્રે શહેરમાં એક કાર સાથે અકસ્માત કરી નાસી છુટતા તેમની વિરુધ્ધ હિંમતનગર પોલીસ સ્ટેશને ફરિયાદ કરાઈ હતી.

હિંમતનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં આવેલી ગંગોત્રી સોસાયટીમાં રહેતા અજયકુમાર બાબુલાલ પટેલે ટાઉન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ હિંમતનગરના કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ તેમની હોન્ડા કારથી ગુરુવારે રાત્રિના ૮ વાગે દુર્ગા બજારમાં અજય પટેલની હોન્ડા સીટી કાર નં. જીજે-૯-એજી ૮૭૯૫ને ટકકર મારતા રૂપિયા ૧૫ હજારનું નુકશાન કરી નાસી છૂટયા હતા. પોલીસે ફરિયાદના આધારે ધારાસભ્યની તેમજ ફરિયાદીની એમ બંને કાર કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસાના કુચાવાડા ટોલટેક્ષ પાસે યુવકની મૃતદેહ મળતા ચકચાર : હત્યા કે અકસ્માત રહસ્ય અકબંધ

ડીસા, તા. ૧૩

ડીસા તાલુકાના કુચાવાડા ગામ પાસે વહેલી સવારે એક મોટરસાયકલ સવાર માથામાં ગંભીર ઈજાઓએ મૃત હાલતમાં મળી આવ્યો હતો. જેની ટોલટેક્ષ કર્મચારીએ ડીસા તાલુકા પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકની લાશનો કબજો સંભાળી તેનું પી.એમ. કરાવ્યું હતું. જ્યારે બીજી તરફ કુચાવાડા ગામે રહેતા આ યુવકના પરીવારજને પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમને ગત રાત્રીએ આ યુવકને ઘરેથી લઈ જનારા તેના અન્ય સાથી મિત્રોએ તેની હત્યા કર્યાનો આક્ષેપ કર્યો હતો. જેથી આ મામલો અકસ્માત છે કે પછી હત્યા તે થીયરી પર ડીસા તાલુકા પોલીસે એફએસએલની મદદથી તપાસ હાથ ધરીછે.

આ સનસનીખેજ ઘટનાની મળતી વિગતો જોઈએ તો ગત મોડી રાત્રે કુચાવાડા ગામે રહેતા મુકેશભાઈ મગનભાઈ પરમાર ઉ.વ. ૨૫ વાળાઓને તેમના આજ ગામના કેટલાક મિત્રો કોઈ કામ અર્થે સાથે તેમના ઘરેથી લઈ ગયા હતા. જો કે મોડી રાત્રી સુધી મુકેશભાઈ પરમાર ઘરે પરત ફર્યા ન હતા. જ્યારે બીજી તરફ વહેલી સવારે કુચાવાડા ટોલટેક્ષ સ્ટાફ ગણે ૨૦૦ મીટર દૂર એક યુવક અને મોટરસાયકલ જોતા પોલીસને જાણ કરી હતી. જે બાદ ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. ભદોરીયા અને ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરતાં ઘટના સ્થળે એક યુવકને કપાળ પર ગંભીર ઈજાઓએ મૃત હાલતમાં પડેલ મળી આવ્યો હતો અને તેની બાજુમાં જ મોટરસાયકલ પણ મળી આવી હતી. વધુ તપાસમાં આ યુવક કુચાવાડા ગામે રહેતા મુકેશભાઈ મગનભાઈ પરમાર ઉ.વ. ૨૫ હતો. જે ગત મોડીરાત્રે તેના કેટલાક ગામના જ મિત્રો સાથે ઘરેથી રવાના થયા બાદ ઘરે પરત ફર્યો ન હતો. જો કે વહેલી સવારે શંકાસ્પદ હાલતમાં કપાળ પરની ઈજાઓએ આ યુવક મૃત મળી આવતા તેના પરીવારજનોએ સાથી મિત્રો પર શક રાખી તેની હત્યા કરાયાનો આક્ષેપ કર્યો હતો.

ધનસુરામાં ઝેરી માંસ ખવડાવી ૬ કુતરાની હત્યા

બે કાગડા અને બે બિલાડીનો પણ ભોગ લેવાયો : હિંચકારૂ કૃત્ય કરનાર ફરાર

ધનસુરા, તા. ૧૩

ધનસુરાના જનતાનગર ખાતે માનવીની ક્રૂરતાની અનોખી ઘટના પ્રકાશમાં આવી છે અને માણસ આવેશમાં આવી જતાં કેટલી હદ સુધી જઈ શકે તે આ ઘટનામાં જોવા મળ્યું છે. ધનસુરાના એક યુવાને એક પશુ જીવને લીધે અન્ય દસ પશુઓનો જીવ લીધો હતો.

આ વિચિત્ર ઘટનાની વિગત એવી છે કે ધનસુરા જનતા નગરમાં રહેતા ગોવિંદભાઈ વાઘરીના ઘરે તેમને ઘેટાં-બકરાં રાખે છે. આજે તેમના ઘર આગળ બાંધેલ એક બકરીના બચ્ચાને નગરમાં રખડતા પાંચ છ કુતરાઓએ ભેગા મળી ફાડી ખાધુ હતુ. બાદમાં આ ઘટનાની જાણ બકરીના માલિકને થતા માલિક ગોવિંદભાઈ વાઘરી આવેશમાં આવી ગયો હતો. તેણે મૃત બકરીના બચ્ચાને ત્યાંથી ઉઠાવી ઘરે લાવી તેના આખા શરીરના ટૂકડે ટુકડા કરી નાખ્યા હતા અને તે બકરીના બચ્ચાના માંસમાં જંતુનાશક ઝેરી દવા ભેળવી દીધી હતી. અને બકરીના બચ્ચાને ફાડી ખાનાર ૬ કુતરાઓને આ માંસ ખવડાવી દીધુ હતુ. જેથી થોડી જ વારમાં કુતરાઓને ઝેરી ખોરાકની અસર થતા મોતને ભેટી ગયા હતા. અને સાથે સાથે આજ ઝેરી માંસ ખાનાર બે કાગડા અને બે બિલાડીના પણ મોત થયા હતા. આમ કુલ ૧૦ જેટલા પશુ-પંખીના મોત થવા પામ્યા હતા. આ કૃત્યથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. ભાથીજી મંદિર ઘટેલી આ ઘટનાની જાણ મંદિરના પૂજારીએ પોલીસમાં કુતરા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી જ્યારે આ અધમ કૃત્ય કરનાર શખ્સ નાસી છૂટ્યો હતો. ધનસુરા પોલીસે આ મામલે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈડરમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠાના ઈડરમાં ગુરૂવારે મોડી રાત્રે રેલવે સ્ટેશન રોડ પર આવેલ નાયકનગર પાસે રહેતા કોકીલાબેન ગુણવંતભાઈ પંચાલ અને પતિ ગુણવંતભાઈ બંને સાંજે જમ્યા બાદ ચાલવા નિકળ્યા હતા. દરમિયાન પલ્સર બાઈક પર કોઈ અજાણ્યા ચાલક રોંગ સાઈડ બાઈક ચલાવી કોકીલાબેનના ગળામાંથી સોનાનો દોરો એક તોલા વજનનો કિં. રૂ. ૧૫ હજાર તોડી નાસી ગયો હતો. બનાવ અંગે ઈડર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોશીના વન વિભાગની નર્સરીમાં સબ મર્સિબલ પંપ સહિત રૂપિયા દસ હજારથી વધુની તસ્કરી

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પોશીના ખાતે આવેલ વન વિભાગની નર્સરીમાં ગત તા. ૧૧મી ડિસેમ્બર બુધવારે રાત્રીના સમયે અજાણ્યા ઈસમો દ્વારા બોરની મોટર સહિત વસ્તુઓની ચોરીની ઘટના બનવા પામી છે.

મળતી માહિતી મુજબ સાબરકાંઠાના પોશીના ખાતે વન વિભાગની નર્સરી આવેલી છે. જ્યાં નર્સરીમાં પાણીનો છંટકાવ કરવા માટે બોર બનાવાવમાં આવેલ છે. જેમાં તા. ૧૧ ડિસેમ્બર બુધવારની રાત્રીએ અજાણ્યા ઈસમોએ નર્સરીમાં ગેર કાયદે પ્રવેશ કરી સબમર્સિબલ પંપ સહિતની ચોરી કરી પલાયન થઈ ગયા છે. આ ઘટનામાં અંદાજીત ૬ હજાર રૂપિયાની સબ મર્સિબલ પંપ, ૧૫૦૦ રૂપિયાની પી.વી.સી. પાઈપ, ૩ હજાર રૂપિયાનો ૨૫ ફૂટ લાંબો કેબલ સહિત કુલ ૧૦,૫૦૦ રૂપિયાની અજાણ્યા ઈસમો દ્વારા ચોરીની ઘટના પોશીના વન વિભાગની નર્સરીમાં બનવા પામી છે. ચોરીની જાણ નર્સરીમાં ફરજ બજાવતા જયેન્દ્રસિંહ વાઘેલાને થતા તેમણે પોશીના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી ચોરોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

હિંમતનગરમાં મલેરિયા ગોડાઉનમાંથી ચોરી

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના સહકારી જીન રોડ પર આવેલ જિલ્લા મેલેરિયા ખાતાના ગોડાઉનમાંથી ગત ૨૪મી ઓકટોબરથી ૨૨ નવેમ્બર દરમિયાનના કોઈ અજાણ્યા ઈસમોએ ગોડાઉનની પાછળની બારી તોડી અંદર પ્રવેશી દવા છાંટવાના પિત્તળના નં. ૨૦કિ. રૂ. ૩૫ હજાર તથા જૂનો સીલીંગ પંખો નં. ૧ કિ.રૂ. ૧૫૦ મળી કુલ રૂ. ૩૫,૧૫૦ની મત્તાની ચોરી થયા અંગેની ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસમથકે જિલ્લા મલેરિયા અધિકારી બનેસિંહ રાઠોરે નોંધાવી હતી.

પાલનપુરમાં રન ફોર યુનિટી કાર્યક્રમ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશનની ઝુંબેશ વિવેકાનંદ મંડળોએ ઉપાડી

પાલનપુર, તા. ૧૩

આગામી ૧૫મી ડિસેમ્બરે રન ફોર યુનિટીના યોજાનાર કાર્યક્રમમાં બનાસકાંઠાના દોઢ લાખ લોકો ભાગ લે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

મુખ્યમંત્રીના આ દિર્ઘદંષ્ટિ અભિગમવાળા કાર્યક્રમને સફળ બનાવવા સ્વામી વિવેકાનંદ યુવા મહિલા શક્તિ કેન્દ્રોએ જિલ્લાના તમામ તાલુકા મથકોએ તેમજ નગરપાલિકાના મુખ્ય શહેરોમાં જાહેર સ્થળો ઉપર લેપટોપ સાથે બેસી નાગરિકોનું રજીસ્ટ્રેશન કરવા ઝુંબેશ ઉપાડી છે. એક સપ્તાહ પૂર્વે વિવેકાનંદ મંડળોના માર્ગદર્શક અને ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવણી સમિતિમાં જિલ્લા ઈન્ચાર્જ ગણપતભાઈ જોષીએ યુવક મંડળો અને મહિલા મંડળોના તાલુકા પ્રમુખ, મંત્રીઓની અલગ-અલગ જિલ્લા બેઠકો બોલાવી રન ફોર યુનિટીના કાર્યક્રમને સફળ બનાવવા વિવેકાનંદ મંડળોને સક્રીય કરવા આનુરોધ કર્યો હતો.

સ્વામી વિવેકાનંદ યુવક વિકાસ કેન્દ્રના જિલ્લા ચેરમેન રમેશભાઈ પટેલ, ગૌરાંગ પાથ્યા તેમજ સ્વામી વિવેકાનંદ મહિલા શક્તિ કેન્દ્રના જિલ્લા ચેરમેન નિર્મલપુરી, મિતાબેન સોની વિગેરે રન ફોર યુનિટીના કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન માટે તાલુકા અને ગ્રામ્ય કક્ષાના મંડળોને અત્યંત સક્રીય કરી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લઈ રહ્યા છે.

ડીસામાં પાંચ દુકાનમાં તાળા તોડી હનુમાન મંદિરમાં ચોરી કરનાર તસ્કર ઝડપાયો

ડીસા, તા.૧૩

વેપારી મથક ડીસામાં ગત રાત્રિએ શિયાળાની ફુલ ગુલાબી ઠંડીનો લાભ ઉઠાવી સક્રિય થયેલા તસ્કરોએ વેપારી બજાર નવા ગાંધી ચોકને નિશાન બનાવ્યું હતું અને આ વિસ્તારમાં આવેલી કેટલીક ગોળ અને તેલની દુકાનોના તાળા તોડયા હતાં તો વળી તસ્કરોએ આ વિસ્તારના રોકડીયા હનુમાન મંદિરને પણ નિશાન બનાવી તાળા તોડી ચાંદીનો મુકુટ અને છત્ર ચોરી કર્યું હતું. જો કે દક્ષિણ પોલીસે ગણતરીના કલાકોમાં તસ્કર ગેંગના એકને ઝડપી જેલ હવાલે કરેલ છે.

આ અંગેની વિગતો જોઈએ તો ડીસાના ગાંધી ચોક વિસ્તારમાં રાત્રી સમયે અજાણ્યા તસ્કર ટોળકીએ આંતક મચાવ્યો હતો અને અંદાજીત છ દુકાનો અને એક હનુમાન મંદિરના તાળા તોડી ચોરીને અંજામ આપ્યો હતો. ગાંધીચોકમાં આવેલા આસ્થાના પ્રતિક બનેલા રોકડીયા હનુમાન મંદિરને અગાઉ પણ બે વાર તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. જે બાદ ત્રીજીવાર ગત રાત્રીએ આ મંદિરના તાળા તોડીને ચાંદીનો મુકુટ અને છત્રની ચોરી કરાઈ હતી. વહેલી સવારે પોતાની દુકાન-પેઢીએ પહોંચેલા વહેપારીઓએ દુકાને પહોંચતા તાળા તૂટેલા જોયા હતાં. જો કે ગોળ અને અન્ય ચીજવસ્તુઓ વેચાણ કરતાં આ વેપારી પેઢીના માલિકોએ કોઈ અગમ્ય કારણોસર કે પછી ચોરીની રકમ નાની હોઈ મોટાભાગના વહેપારીઓએ ફરીયાદ આપવાનું ટાળ્યું હતું. જો કે આ મામલે હનુમાન મંદિર ટ્રસ્ટીગણે ડીસા દક્ષિણ પોલીસ મથકમાં થયેલ ચોરીની ધોરણસરની ફરીયાદ આપી હતી.

જે બાદ દક્ષિણ પોલીસ મથકના આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર મણિલાલ અને તેમની ડીસ્ટાફની ટીમે ઘટના સ્થળે પહોંચી ઝીણવટભરી તપાસ અંતે ડીસાના આંગડવાડી વિસ્તારમાં રહેલા નિલેશ જવાનજી ઠાકોર નામના ઈસમને ઝડપી પાડયો હતો અને પોલીસે તેની પાસેથી ગાંધી ચોક હનુમાન મંદિરમાંથી ચોરાયેલા ચાંદીના મુકુટ અને છત્રનો કબજો મેળવી અંદાજીત રૂપિયા ૭ હજારનો આ મુદ્દમાલ તપાસ અર્થે કબજે કરેલ છે. અને ઝડપાયેલા આ તસ્કરના અન્ય સાગરીતોને ઝડપી પાડવા પોલીસે ઘનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

'સ્ટેચ્યુ ઑફ યુનિટી'માં ઉત્તર-પૂર્વીય રાજ્યો સંપૂર્ણ સહયોગ આપશે

ગાંધીનગર, તા. ૧૩

'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના ઉદ્દેશ સાથે ગુજરાતમાં સરદાર સરોવર નર્મદા બંધ સ્થળની નજીક નિર્માણ પામનારી અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા- 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના અભિગમ અને 'એકતાની પ્રતિમા'ના નિર્માણમાં સમગ્ર ભારતના ગ્રામીણ કિસાનોને ભાવાત્મક રીતે જોડવાના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના અભિગમને આસામ, મેઘાલય અને નાગાલેન્ડ જેવા ઉત્તર-પૂર્વીય રાજ્યોએ ઉત્સાહપૂર્વક આવકારીને સંપૂર્ણ સહયોગની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી રમણલાલ વોરા અને કુટિર તથા મીઠા ઉદ્યોગના રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીરના નેતૃત્વમાં ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ તથા પૂર્વ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા તથા ધારાસભ્યો શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ), શ્રી અશોકભાઈ પટેલ (ગાંધીનગર), શ્રી કિશોરભાઈ ચૌહાણ (વેજલપુર), શ્રી જીતુભાઈ વાઘાણી (ભાવનગર), શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ), સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પટેલ, નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મનજીભાઈ વસાવા અને અગ્ર સચિવ શ્રી (નાણા વિભાગ-ખર્ચ) શ્રી એલ. ચુઆન્ગોનું બનેલું ગુજરાત સરકારનું એક પ્રતિનિધિ મંડળ આસામ, મેઘાલય અને નાગાલેન્ડ જેવા ઉત્તર-પૂર્વીય રાજ્યોની મુલાકાતે ગયું હતું.

આસામના મુખ્યમંત્રી શ્રી તરૂણ ગોગોઈ, નાગાલેન્ડના મુખ્યમંત્રી શ્રી નેફ્યૂ રિયો તથા આસામના નામદાર રાજ્યપાલ શ્રી જે.બી. પટનાયક, મેઘાલયના નામદાર રાજ્યપાલ શ્રી કે.કે. પૌલ, તથા નાગાલેન્ડના નામદાર રાજ્યપાલ શ્રી અશ્વિનીકુમારે ગુજરાતના પ્રતિનિધિ મંડળને ઉષ્માપૂર્વક આવકારીને 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના નિર્માણમાં સહયોગ આપવાની તૈયારી વ્યક્ત કરી હતી.

મંત્રી શ્રી રમણલાલ વોરાની અધ્યક્ષતામાં ગુજરાતના પ્રતિનિધિમંડળે આસામના પાટનગર ગુવાહાટી ખાતે મુખ્યમંત્રી શ્રી તરૂણકુમાર ગોગોઈની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીના સત્તાવાર નિવાસસ્થાને યોજાયેલી આ બેઠક દરમિયાન મુખ્યમંત્રી શ્રી તરૂણકુમાર ગોગોઈએ જણાવ્યું હતું કે, 'સરદાર વલ્લભભાઈ પટેલ સમગ્ર દેશના નેતા હતા. તેમના સન્માનમાં નિર્માણ પામનારા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ને તેમનો સંપૂર્ણ સહયોગ રહેશે.' મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તાક્ષર સાથેનો અધિકૃત પત્ર પણ આ પ્રતિનિધિ મંડળે શ્રી તરૂણ ગોગોઈને અર્પણ કર્યો હતો. ગુજરાતનું આ પ્રતિનિધિમંડળ આસામ રાજભવન ખાતે નામદાર રાજ્યપાલ શ્રી જે.બી. પટનાયક ને પણ મળ્યું હતું. નામદાર રાજ્યપાલ શ્રી જે.બી. પટનાયકે ગુજરાતના આ પ્રોજેક્ટ વિષે વિસ્તૃત વિગતો મેળવીને ગુજરાતની અન્ય વિકાસ યોજનાઓની પણ પ્રશંસા કરી હતી.

મેઘાલયની મુલાકાતદરમિયાન ગુજરાતના પ્રતિનિધિમંડળે રાજધાની શિલોંગ ખાતે રાજ્યપાલ શ્રી કે.કે.પૌલ સાથે બેઠક કરી હતી. ભારતના સાડા સાત લાખથી પણ વધારે ગામડાઓમાંથી કિસાનો ધ્વારા કૃષિમાં ઉપયોગમાં લેવાયેલું લોખંડનું ઓજાર કે તેનો એક ટૂકડો 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના નિર્માણ માટે આપીને પોતાની સહભાગીતાની ભાવના વ્યક્ત કરે એવા ગુજરાતના અભિગમ અને ઉદ્દેશથી શ્રી કે.કે. પૌલ અત્યંત પ્રભાવિત થયા હતા. તેમણે પણ ગુજરાત સરકારની સહયોગની અપીલને પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યો હતો.

આસામ અને મેઘાલય પછી ગુજરાતના મંત્રીશ્રી, સાંસદ, ધારાસભ્યો અને અધિકારીઓના આ પ્રતિનિધિ મંડળે નાગાલેન્ડની મુલાકાત લીધી હતી. નાગાલેન્ડ સરકારના સંસદીય બાબતો તથા જાહેર બાંધકામ મંત્રી શ્રી કુઝહોલુઝો નિએનુ (અઝો) તથા યુવા સંસાધન અને રમતગમત મંત્રી શ્રી મેરેન્તોશી આર. જમીરે મંત્રી શ્રી રમણલાલ વોરા, શ્રી વાસણભાઈ આહીર તથા સમગ્ર પ્રતિનિધી મંડળનું નાગાલેન્ડની પરંપરા પ્રમાણે ઉષ્માપૂર્વક સ્વાગત કર્યું હતું.

નાગાલેન્ડ સરકારના સંસદીય બાબતો તથા જાહેર બાંધકામ મંત્રી શ્રી કુઝહોલુઝો નિએનુ (અઝો)ની અધ્યક્ષતામાં દીમાપુર ખાતે યોજાયેલા એક ભવ્ય સમારોહમાં ગુજરાતના પ્રતિનિધી મંડળે 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' વિશે નાગાલેન્ડની સ્વૈચ્છિક, સામાજિક અને નાગરિક સંસ્થાઓના પ્રતિનિધીઓને વિગતવાર માહિતી આપી હતી. મંત્રી શ્રી રમણલાલ વોરાએ નાગાલેન્ડના નાગરિકોને તારીખ ૧૫મી ડિસેમ્બરે 'રન ફોર યુનિટી'માં જોડાવા અપીલ કરી હતી. નાગાલેન્ડના ગામે ગામથી 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' માટે કૃષિ ઓજારનું લોખંડ એકત્ર કરવાના અભિયાનમાં સહભાગી થવા પણ તેમણે અપીલ કરી હતી. મંત્રી શ્રી વાસણભાઈ આહીરે પણ ગુજરાત સરકારના આયોજન અને 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના નિર્માણ વિશે જાણકારી આપી હતી.

ગુજરાત સરકારનુ પ્રતિનિધી મંડળ નાગાલેન્ડના પાટનગર કોહીમા ખાતે મુખ્યમંત્રી શ્રી નેફ્યૂ રિયો ને મળ્યું હતું. મુખ્યમંત્રી શ્રી નેફ્યૂ રિયો એ 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના નિર્માણમાં નાગાલેન્ડના ગામે ગામમાંથી કૃષિ ઓજારનું લોખંડ અને જે તે ગામની માટીના એકત્રીકરણ અભિયાનમાં નાગાલેન્ડ સરકારના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. ભારતની એકતા અને અખંડતા માટે ગુજરાત સરકાર ધ્વારા નિર્માણ થનારા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્ન અને આયોજનની પ્રશંસા કરતા મુખ્યમંત્રી શ્રી નેફ્યૂ રિયો એ જણાવ્યું હતું કે ગુજરાતના કોઈપણ આયોજનમાં નાગાલેન્ડ સરકાર સહયોગ આપશે. તેમણે ભવિ"યમાં ગુજરાત અને નાગાલેન્ડ ધ્વારા પરસ્પર વિશેષ સહયોગની અભિલાષા વ્યક્ત કરી હતી.

કોહીમા ખાતે ગુજરાતનું પ્રતિનિધી મંડળ રાજભવનમાં રાજ્યપાલ શ્રી અશ્વિનીકુમાર ને પણ મળ્યું હતું. રાજ્યપાલ શ્રી અશ્વિનીકુમારે ગુજરાતના પ્રતિનિધી મંડળને ઉમળકાભેર આવકારીને 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' વિશે વિગતવાર જાણકારી મેળવી હતી. તેમણે નાગાલેન્ડ સરકારનું સત્તાવાર પ્રતિનિધી મંડળ ગુજરાતની મુલાકાત લેશે તેમ જણાવ્યું હતું.

આગામી તારીખ ૧૫મી ડિસેમ્બરે આસામના ગુવાહાટી, નાગાંવ, સિલચર, દિબ્રુગઢ અને તેજપુર ખાતે 'રન ફોર યુનિટી' યોજાશે. મેઘાલયમાં શિલોંગ ખાતે, નાગાલેન્ડમાં દિમાપુર ખાતે, અરૂણાચલ પ્રદેશમાં ઈટાનગર ખાતે, ત્રિપુરામાં અગરતલા ખાતે તથા મિઝોરમમાં એઝવાલ ખાતે 'રન ફોર યુનિટી' યોજાશે. ગુજરાતના પ્રતિનિધી મંડળે 'રન ફોર યુનિટી'ના આયોજન વિશે પણ સમીક્ષા કરી હતી.

મંત્રી રમણલાલ વોરાના વડપણ હેઠળના ગુજરાતના પ્રતિનિધી મંડળને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં ઉમળકાભર્યો આવકાર : નાગાલેન્ડના ગામે ગામથી 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' માટે કૃષિ ઓજાર અને માટી એકત્ર કરવાના અભિયાનમાં સરકાર સહયોગ આપશે : આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, ત્રિપુરા, મિઝોરમ અને નાગાલેન્ડમાં પણ તા.૧૫મી ડિસેમ્બરે 'રન ફોર યુનિટી' યોજાશે